# ધોરણ - 8 સામાજિક વિજ્ઞાન(અજમાયશી)

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| SS801 વિવિધ ઉદ્યોગોનું તેના કદ, કાચા માલ અને માલિકીના આધારે વર્ગીકરણ કરે છે. | • ઉદ્યોગ<br>❖ અર્થ<br>❖ વર્ગીકરણ<br>❖ સંકલ્પના<br>❖ પ્રકાર<br>❖ સ્રોત | • અધ્યેતાને વ્યક્તિગત, જોડીમાં કે જૂથમાં તક આપી અને પ્રોત્સાહન પૂરાં પાડવાં.<br>• પ્રકૃતિના વિવિધ સંસાધનો જેવાં કે જમીન, માટી, પાણી, ખનીજો, વન્ય જીવો તથા ઊર્જાના સ્રોતો વિષે માહિતી એકત્રિત કરવા તથા ભારત અને વિશ્વના સંદર્ભે ઉદ્યોગોના પ્રકાર જણાવવા. |
| SS802 સ્થાનિક વિસ્તારના અને રાજ્યના મુખ્ય પાકો, ખેતીના પ્રકારો, ખેતઉત્પાદન પદ્ધતિઓનું વર્ણન કરે છે. | • ખેતી<br>❖ ભૂમિ પ્રકાર<br>❖ વિવિધ પાક<br>❖ ખેતપદ્ધતિ<br>❖ પિયત પદ્ધતિ<br>❖ ખેતપેદાશોનું ઉત્પાદન | • ખેડૂત સાથે મુલાકાત કરાવવી અને આસપાસની તથા જિલ્લા અને રાજ્યની કૃષિ સંશોધન પદ્ધતિ સમજાવવી.<br>• દેશ અને રાજ્યમાં વિવિધ કૃષિ પદ્ધતિઓ તથા ઉપલબ્ધ કુદરતી સંસાધનોને જાણવા અને તેની જાળવણી માટે ચિત્રો, સમાચારો, વિડીઓ ક્લિપીંગ્સ, નકશાનો ઉપયોગ કરાવવો. |
| SS803 દુનિયાના નકશામાં વસતીના અસમાન વિતરણનું અર્થઘટન કરે છે. | • વસતી<br>❖ વસતી ગીચતા<br>❖ ભારતનું સ્થાન<br>• ખંડોમાં વસતીની અસમાનતા<br>❖ વસતીના પ્રમાણનું અર્થઘટન | • વિશ્વના મુખ્ય કૃષિક્ષેત્રો, ઔદ્યોગિક ક્ષેત્રો અને પ્રદેશો શોધવા માટે નકશા અને પૃથ્વીના ગોળાનો ઉપયોગ કરાવવો અને વસતીનું સ્થાનિક વિતરણ સમજાવવું. |
| SS804 દાવાનળ, ભૂસ્ખલન, ઔદ્યોગિક હોનારત અને તેમનાં ભયસ્થાનોનું માપન કરી તેના ઉપાયો શોધશે. | • આપત્તિ:-<br>❖ આપત્તિના પ્રકાર<br>❖ આપત્તિનાં કારણો<br>❖ અસર - ઉપાયો | • માનવીય/પ્રાકૃતિક હોનારતો જેવી કે દાવાનળ, ભૂસ્ખલન, ઔદ્યોગિક હોનારતોના નિયંત્રણ માટેનાં પગલાં અને કારણો અંગેની સહાધ્યાયી સાથે ચર્ચા કરાવવી. |
| SS805 અગત્યના કુદરતી ખનીજોનું વર્ગીકરણ દર્શાવે છે. (દા.ત. કોલસો અને ખનીજતેલના કેન્દ્રોને દુનિયાના નકશામાં દર્શાવે છે.) | • કુદરતી ખનીજો :-<br>❖ ખનીજોના પ્રકાર<br>❖ પ્રાપ્તિસ્થાન | • ભારતમાં પ્રાપ્ય વિવિધ કુદરતી ખનીજોની માહિતી પૂરી પાડવી.<br>• પ્રાપ્ય ખનીજોની માહિતી નક્શામાં દર્શાવવી. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| | ❖ મુખ્ય ખનીજો (ભારત) | |
| SS806 પૃથ્વી પરના માનવીય અને કુદરતી સંસાધનોના અસમાન વિતરણનું વિશ્લેષણ કરે છે. | • કુદરતી સંસાધન:-<br>❖ અર્થ - પ્રકાર - ઉપયોગ<br>❖ અસમાન વિતરણ<br>❖ સાચવણીના આપણા પ્રયાસો | • કુદરતી અને માનવનિર્મિત સંસાધનોના રક્ષણ માટેની યોજનાઓ વિકસાવવી. |
| SS807 તમામ વિસ્તારોના વિકાસને જાળવી રાખવા માટે કુદરતી સંસાધનોના ન્યાયિક ઉપયોગને દર્શાવે છે જેવાં કે જળ, જમીન, જંગલ વગેરે. | | • કુદરતી સંસાધનો ઉપર દરેકના અધિકારને સ્વીકારવો અને તેના જરૂરિયાત મુજબ જ ઉપયોગ કરવો શા માટે જરૂરી છે તેની ચર્ચા કરવી. |
| SS808 જુદા જુદા પાકોના ઉત્પાદન માટે જાણીતા મહત્ત્વ ના દેશોમાં જવાબદાર પરિબળોનું વિશ્લેષણ કરે છે.<br>દા.ત. ઘઉં, ચોખા, કપાસ, શણ વગેરેના ઉત્પાદન માટે જાણીતા દેશોને વિશ્વના નકશા ઉપર અંકિત કરે. | • પાકો :-<br>❖ વિશ્વમાં ખેત ઉત્પાદન<br>❖ પાક યોગ્ય જમીન<br>❖ જમીનની ફળદ્રુપતા<br>❖ વિશ્વમાં થતા પાક<br>❖ અગત્યના પાકને નકશામાં નિદર્શિત કરવા.<br>❖ ખેતીમાં ભારતનું સ્થાન<br>❖ નકશામાં ખેત-પેદાશોનું નિદર્શન<br>❖ દેશ દેશ વચ્ચે ખેતીની સામ્યતા<br>❖ ખેતીનો વિકાસ | • ભારતના અગત્યના પાકોનું વિશ્લેષણ કરાવવું.<br>• ભારતની મુખ્ય ખેતપેદાશો વિશે જણાવવું.<br>• ખેતીના વિકાસ માટેની વિવિધ પદ્ધતિઓ વિશે માહિતગાર કરાવવા. |
| SS809 નકશામાં વિવિધ દેશો વચ્ચે ખેતી અને વિકાસ માટેની વિવિધતા દર્શાવતા રંગો પૂરે. | | |
| SS810 વિવિધ દેશો / ભારત / રાજ્યોની વસતી દર્શાવવા માટે સ્તંભ આલેખ દોરે છે, જે ભારતીય ઉપખંડના વિવિધ પ્રદેશો અને વ્યાપક વિકાસ માટે વપરાયેલા સ્રોતો, નામકરણોના ઉપયોગ દ્વારા મધ્યયુગીન અને પ્રાચીન સમયગાળાથી આધુનિક સમયગાળાને અલગ કરે છે. | | |
| SS811 બ્રિટીશ ઇસ્ટ ઇન્ડિયા કંપની ભારતમાં સર્વોચ્ચ સત્તા કઈ રીતે બની તે સમજે છે અને સમજ પ્રદર્શિત કરે છે. | • ઇસ્ટ ઇન્ડિયા કંપનીનું ભારતમાં શાસન<br>❖ કંપનીની સ્થાપના<br>❖ ઉદેશ્ય-વેપાર સાથે સત્તા<br>❖ રાજાઓની એકતાનો અભાવ<br>❖ અંગ્રેજોની ‘ભાગલા પાડો’ની નીતિ | • વ્યક્તિગત અને સમૂહના જીવંત અનુભવોની ચર્ચા આયોજન પ્રમાણે કરાવવી.<br>• વિવિધ ઘટનાઓ અને મુદ્દાઓ બાબતે પ્રશ્નો કરવા.. જેવા કે, ઈસ્ટ ઇન્ડિયા કંપની શા માટે ભારતીય શાસકો સાથે સંઘર્ષમાં ઉતરી ?<br>• ઈસ્ટ ઈન્ડિયા કંપનીની ભારતમાં શાસન પદ્ધતિઓ વિશે માહિતી આપવી. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| SS812 ભારતના વિવિધ પ્રાંતોમાં બ્રિટીશ સરકારની ખેતી વિષયક ભેદભાવની નીતિની અસર સમજે છે અને સમજાવે છે.(દા.ત..ગળી ઉત્પાદકોનો બળવો...) | • અંગ્રેજ સરકાર અને કૃષિનીતિ<br>❖ ખેડૂતોનું શોષણ<br>❖ અંગ્રેજ ઉદ્યોગોને ફાયદો<br>❖ અયોગ્ય મહેસૂલનીતિ | • વિવિધ ઘટનાઓની જૂથચર્ચા વર્ગખંડમાં કરાવવી.<br>• અંગ્રેજ સરકાર દ્વારા ભારતીય ખેડૂતોનું શોષણ અને અયોગ્ય મહેસૂલનીતિની માહિતી પૂરી પાડવી.<br>• |
| SS813 19મી સદીના ભારતની વિવિધ આદિજાતિઓનાં સ્વરૂપો અને પર્યાવરણ સાથેના સબંધોનું વર્ણન કરે છે. | • ભારતમાં આદિજાતિ:-<br>❖ સમાજ જીવન -પર્યાવરણ સાથે સબંધ<br>❖ વિશિષ્ટ લક્ષણો | • ભારતના આદિજાતિ સમૂહોના સમાજ-જીવન વિશે માહિતી પ્રદાન કરવી.<br>• વિશિષ્ટ લક્ષણો અને પર્યાવરણ સાથેના તેમના સંબંધો વિશે માહિતી પૂરી પાડવી. |
| SS814 ભારતમાં સંસ્થાનવાદીઓની આદિજાતિ સમૂહો તરફની નીતિઓ સમજે છે. | • ભારતમાં સંસ્થાનવાદ:-<br>❖ સંસ્થાનવાદમાં આદિજાતિની નીતિઓ<br>❖ સમૂહોનું લોકજીવન<br>❖ સંસ્થાનવાદ અને ભેદભાવ | • ભારતની વિવિધ આદિજાતિના લોકોના વસવાટના સ્થળો નક્શામાં દર્શાવવા.<br>• ભારતમાં સંસ્થાનવાદમાં આદિજાતિની નીતિઓ તેમનું લોકજીવન વિશે સમજૂતી આપવી. |
| SS815 1857ના સ્વાતંત્ર્યસંગ્રામનાં કારણો, તેનું સ્વરૂપ, તેનો ફેલાવો અને મળેલ પદાર્થ પાઠનું વર્ણન કરે છે. | • ભારતમાં પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ<br>❖ કારણો -પ્રકાર -અસરો અને પરિણામો<br>❖ ભારતીયોને બોધપાઠ | • ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામ ચળવળના ઐતિહાસિક સ્થળોની મુલાકાત કરાવવી.<br>• સ્વાતંત્ર્ય સંગ્રામની વિશેષ ઘટનાઓની માહિતી આપવી. અને સ્વાતંત્ર્યસંગ્રામનાં સ્થળો ભારતના નકશામાં દર્શાવવાં.<br>• વિવિધ વિડિયો ક્લિપ્સ દ્વારા અને ઘટનાના ચિત્રો દ્વારા સમજ આપવી અને બોધપાઠ વિશે ચર્ચા કરવી. |
| SS816 સંસ્થાનવાદ સમયે ભારતમાં હસ્તકલા ઉદ્યોગ અને નવા શહેરીકરણનું પૃથક્કરણ કરે છે. | • ભારતમાં ગૃહ ઉદ્યોગ:-<br>❖ અંગ્રેજોની નીતિ - ઉદ્યોગોનો વિનાશ<br>❖ ગ્રામ્યજીવનનો નાશ<br>❖ શહેરીકરણને ઉત્તેજન | • વિવિધ ગૃહઉદ્યોગોની માહિતી આપવી.<br>• અંગ્રેજ શાસન સમયની ખેતી તથા ગૃહઉદ્યોગની વ્યવસ્થા,ઘટનાઓ વર્ણવવી. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
| --- | --- | --- |
| SS817 ભારતમાં નવી શિક્ષણપદ્ધતિમાં સાંસ્કૃતિક વિશ્લેષણ કરે છે. | • ભારત અને શિક્ષણ :-<br>❖ અંગ્રેજ શિક્ષણનીતિ<br>❖ અંગ્રેજી કેળવણીની શરુઆત<br>❖ સાંસ્કુતિકસાંસ્કુતિકસાંસ્કુતિક વારસાનું પતન સાંસ્કુતિક સાંસ્કુતિક સ | • શિક્ષણમાં ફેરફાર, ઘટનાઓની સમજ.<br>• ભારતીય સમાજ પર અસર સમજાવવી.<br>• વિવિધ ઘટનાઓનું વિશ્લેષણ કરવવું. |
| SS818 જાતિવાદ, મહિલાઓના વિધવા પુનઃલગ્ન, બાળ લગ્નો, સામાજિક સુધારણાઓના મુદ્દાઓ, સંસ્થાઓ માટેના સંસ્થાનવાદી વહીવટીતંત્રના કાયદાઓનું વિશ્લેષણ કરે છે. | • ભારતમાં સામાજિક દૂષણો<br>❖ જાતિવાદ, મહિલાઓની સ્થિતિ, બાળલગ્ન - સામાજિક સુધારણા<br>❖ દૂષણો વિરુદ્ધ કાયદા | • ભારતના વિવિધ સામાજિક દૂષણો વિશે માહિતગાર કરવા.<br>• સામાજિક દૂષણો અને પ્રથા સામે વિરોધ અને કાયદાઓ જણાવી એ અંગે જૂથ ચર્ચા કરાવવી. |
| SS819 આધુનિક સમયમાં કલાક્ષેત્રમાં થયેલ સીમા ચિહ્નરૂપ વિકાસને દર્શાવે છે. | આધુનિક સમયમાં કળા<br>- વિવિધ કળા અને વિકાસ | • વિવિધ સમયની કળાની તુલના કરાવવા.<br>• આધુનિક સમયના કલાના ચિત્રો, વિડિયો બતાવવા. |
| SS820 ઈ.સ.1870થી આઝાદીકાળ સુધીના ભારતીય ચળવળનાં સીમાચિહ્નો દર્શાવે છે.<br><br>SS821 રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયામાં સીમાચિહ્નરૂપ કાર્યોનું વિશ્લેષણ કરે છે. | • ભારતમાં ક્રાંતિકારી ચળવળ<br>❖ આઝાદીની લડત<br>❖ વિવિધ સંગઠનો<br>❖ અંગ્રેજ સત્તા અને જન અધિકાર<br>❖ સામાજિક રોષ - ક્રાંતિકારીઓ | • ભારતીય રાષ્ટ્રીય ચળવળનાં ઐતિહાસિક સ્થળો અને સંસાધનોની મુલાકાત કરાવવી.<br>• પ્રોજેક્ટ અને પ્રવૃતિઓ હાથ ધરવી ...<br>❖ ગાંધીજીના અહિંસાવાદની રાષ્ટ્રીય ચળવળ ઉપર અસર<br>❖ ભારતની રાષ્ટ્રીય ચળવળના કાર્યક્રમો અને ઘટનાઓની સમયરેખા તૈયાર કરાવવી<br>❖ ચૌરી–ચોરાની ઘટના ઉપર નાટક ભજવવું<br>❖ સામ્રાજ્યવાદ સમયકાળના વાણિજ્ય, ખેત ઉત્પાદનોમાં સૌથી વધુ અસરગ્રસ્ત સ્થળોને ભારતના નકશામાં અંકિત કરાવવાં.ઇતિહાસની વિવિધ ચળવળો, વૃત્તાંતો, આત્મકથા, ચિત્રો<br>• જીવનચરિત્રો, નવલકથાઓ, ફોટોગ્રાફ, દસ્તાવેજો, લખાણો, અખબારી અહેવાલો તથા તાજેતરનાં લખાણોથી માહિતગાર કરવા. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| | | • સ્વ-મૂલ્યાંકન માટે શિક્ષણના નવીન માપદંડો મુજબ સંદર્ભિત પ્રશ્નો પૂછવા. જેવા કે, પ્લાસીના યુદ્ધનાં કારણો જણાવો. |
| SS822 ભારતીય બંધારણના સંદર્ભમાં પોતાના પ્રદેશમાં સામાજિક અને રાજકીય સમસ્યાઓનું અર્થઘટન કરી મૂળભૂત હકો અને ફરજોને યોગ્ય ઉદાહરણો સાથે સમજે છે. | • ભારતીય બંધારણ<br>❖ મૂળભૂત અધિકારો-મૂળભૂત ફરજો<br>❖ બંધારણનાં લક્ષણો<br>❖ બંધારણના મૂળભૂત અને માર્ગદર્શક સિદ્ધાંતો | • ભારતીય બંધારણ, સંસદીય પ્રણાલી, ન્યાયતંત્ર જેવી બાબતો ઉપર જૂથચર્ચામાં ભાગ લેવડાવો.<br>• ભારતીય બંધારણ, આમુખ, સંસદીય લોકશાહી, સત્તાનું વિકેન્દ્રીકરણ અને સમવાયતંત્રની વિશેષતાઓના પોસ્ટર, ચિત્રો તથા શાબ્દિક અને લેખિત નિદર્શન તૈયાર કરાવવું.<br>• રાજ્યસભા તથા ટીવીની વિવિધ સિરિયલ જેવી કે.... સંવિધાન તથા ફિલ્મો જેવીકે ...ગાંધીજી, સરદાર, ડૉ.બાબાસાહેબ આંબેડકરનું નિદર્શન કરાવવું. |
| SS823 આપેલ પરિસ્થિતિમાં પ્રોત્સાહન, રક્ષણ અને ઉલ્લંઘનના સંદર્ભમાં મૂળભૂત અધિકારો અંગેની જાણકારીનો ઉપયોગ કરે છે.(દા.ત. બાળ અધિકારો) | • મૂળભૂત અધિકાર અને જ્ઞાન<br>❖ બાળ અધિકાર-સંવર્ધન - સિદ્ધાંતો અને રક્ષણ | • સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વના સિદ્ધાંતોનો વર્ગખંડ, શાળા, ઘર, સમાજમાં કઈ રીતે ઉપયોગ કરવો તે અંગે ચર્ચા કરવી.<br>• વ્યક્તિગત, સામુદાયિક રીતે મૂળભૂત હકો અને ફરજો માટેના પ્રોજેક્ટ હાથ ધરવા. |
| SS824 રાજ્ય અને સંઘ સરકાર વચ્ચેનો તફાવત સમજે છે. | સરકાર<br>- પ્રકાર - તફાવત | • રાજ્ય અને કેન્દ્રના મથકોનું નકશામાં અવલોકન કરાવવું. |
| SS825 લોકસભા ચૂંટણી પદ્ધતિ વર્ણવે છે. | • લોકસભા<br>❖ ચૂંટણી પ્રક્રિયા<br>❖ સંસદ<br>❖ લોકસભા - સંખ્યા - ક્ષેત્રો/ વિસ્તાર<br>❖ પોતાનું સંસદીય ક્ષેત્ર -ભારતમાં સ્થાન | • ચૂંટણીઓ,આદર્શ આચાર સંહિતા દર્શાવતી બાલસંસદનું દ્વારા આયોજન કરવું.<br>• પોતાના પાડોશના નોંધાયેલ મતદારોની યાદી તૈયાર કરાવવી.<br>• પોતાના સ્થાનિક વિસ્તારમાં મતદાન જાગૃતિ ઝુંબેશનું આયોજન કરવું.<br>• સ્થાનિક વિસ્તારના સંસદસભ્ય દ્વારા પોતાના મતવિસ્તારમાં કરાયેલી લોકકલ્યાણની કામગીરીથી માહિતગાર કરાવવા. |
| SS826 રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશના સંસદીય મતક્ષેત્રોને નકશામાં જોઈ પોતાના મતક્ષેત્રની શોધ કરી સ્થાનિક સંસદસભ્યનું નામ આપે છે. | | |
| SS827 કાયદા ઘડવાની પ્રક્રિયાનું વર્ણન કરે છે. (દા.ત..ઘરેલું હિંસાનો કાયદો, RTE, RTI) | • કાયદો:- ધારાસભા/લોકસભા/ રાજ્યસભા | • પ્રથમ માહિતી રીપોર્ટ (FIR (ફોર્મનું વિષયવસ્તુ ચકાસવા આપવું.<br>• ન્યાયાધીશની અરજદારને ન્યાય આપવાની ભૂમિકા ઉપરનુ |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| SS828 ભારતીય ન્યાયપ્રણાલીની કાર્યપદ્ધતિઓને સમજવા કેટલાક સીમાચિહ્નરૂપ ચુકાદાઓની નોંધ કરે છે. | ❖ કાયદો/ખરડો - રાષ્ટ્રપતિ<br>❖ નવા કાયદાની રચના<br>❖ કોર્ટના ચુકાદાની છણાવટ<br>❖ નમૂનારૂપ કેસ<br>❖ FIR નોંધણીની પ્રક્રિયા | રચનાત્મક લેખન કરાવવું.<br>• કાયદા અને વળતરના સંદર્ભે વિદ્યાર્થીઓને કેસ સ્ટડી અને વર્તમાનપત્રોના કટિંગ ઉદાહરણ માટે પૂરાં પાડવાં. |
| SS829 FIRકઈ રીતે નોંધાય તેનું નિદર્શન કરે છે. | | |
| SS830 પોતાના વિસ્તારના વંચિતો અને પીડિતોનાં કારણો અને પરિણામોનું પૃથક્કરણ કરે છે. | • સ્થાનિક વિસ્તારની માહિતી :-<br>❖ સામાજિકતા-આર્થિકતાનું પૃથક્કરણ | • માનવ અધિકારોનું ઉલ્લંઘન, રક્ષણ અને બઢતીમાં ખાસ કરીને મહિલા, અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ,ધાર્મિક-ભાષાકીય, લઘુમતીની ખાસ જરૂરિયાતો, સ્વચ્છતા કાર્યકરો, અપંગતા ધરાવતા અને અન્ય વંચિત વર્ગના બાળકો વગેરે ઉપર ધ્યાન કેન્દ્રિત કરતી જૂથચર્ચાઓ કરાવવી.<br>• I am Kalam (હિન્દી-2011) ફિલ્મનું નિદર્શન અને ચર્ચાનું આયોજન કરાવવું<br>• ભારતમાં બાળમજૂરી, બાળઅધિકાર તથા બાળગુના માટેની ન્યાય વ્યવસ્થા અંગેનું નાટક ભજવવું. |
| SS831 પાણી, સ્વચ્છતા, માર્ગ અને વીજળી વગેરે જેવી જાહેર સુવિધાઓ પૂરી પાડવામાં સરકારની ભૂમિકા ઓળખે છે અને તેની ઉપલબ્ધતા વિષે જાણે છે. | • સ્થાનિક સરકારનાં કાર્યો:-<br>❖ વિવિધ સુવિધાઓ | • પોતાના વિસ્તારમાં ભારત સરકારની, રાજ્યસરકારની કચેરી, સ્થાનિક સરકારની કચેરીની મુલાકાત કરવી અને તેના કાર્યો વિશે ટૂંકો અહેવાલ તૈયાર કરાવવો. જેમ કે પોસ્ટ ઓફિસ.<br>• જાહેર સગવડો જેવી કે- પાણી, સ્વચ્છતા, વીજળીની ઉપલબ્ધતા અને અસમાન વિતરણનાં કારણો અને અનુભવોની સહપાઠીઓ સાથે ચર્ચા કરાવવી.<br>• જાહેર સેવાઓ આપવા સરકાર શા માટે જવાબદાર<br>• છે તે બાબત ઉપર ચર્ચાનું આયોજન કરાવવું. |
| SS832 આર્થિક પ્રવૃત્તિઓના નિયમનમાં સરકારની ભૂમિકા ઓળખે છે. | • સરકારની આર્થિક ભૂમિકા:-<br>❖ વિવિધ યોજનાઓ - ઉદ્યોગોને પ્રોત્સાહન<br>❖ કૃષિલક્ષી યોજનાઓ | • સરકારી આર્થિક પ્રવૃત્તિઓના નિયમન સમજવા માટે જૂથચર્ચાનું આયોજન કરવું. દા.ત. ભોપાલ ગેસ દુર્ઘટનાનું પૃથક્કરણ કરાવવું. |

DRAFT